VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં વિવિધ વિદ્યાશાખા અનુસાર સ્નાતક કક્ષાએ કુલ નોંધણી દર અંગેનો એક દાયકા નો અભ્યાસ

## મેર મયૂરભાઈ મનુભાઈ

મદદનીશ અધ્યાપક,
જી. એલ. કાકડિયા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનજમેન્ટ,
સરદાર પટેલ એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ.

### સારાંશ

શિક્ષણ એ બધાજ ભારતીય નગરિકોનો અધિકાર છે. જ્યારે આજ શિક્ષણને જુદા જુદા સ્તરની અંદર વિભાજિત કરવામાં આવ્યું છે. જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક, સ્નાતક, અનુસ્નાતક, વગેરેમાં... જ્યારે આજ શિક્ષણ માટે જુદા જુદા રાજ્યોમાં જુદો જુદો નોંધણી દર જોવા મળે છે. જેમાં પ્રસ્તુત અભ્યાસ ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં વિવિધ વિદ્યાશાખા અનુસાર સ્નાતક કક્ષાએ કુલ નોંધણી દર અંગેનો એક દાયકાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં વર્ષ 2011-12 થી 2020-21 દરમ્યાન પુરુષોનો હિસ્સો 50.54% જ્યારે મહિલાઓનો હિસ્સો 49.46% જોવા મળ્યો છે. જ્યારે આ દાયકા દરમ્યાન વિદ્યાર્થીઓમાં પુરુષોનો વૃધ્ધિ દર 0.03% રહ્યો છે જ્યારે મહિલાઓમાં વૃદ્ધિ 0.04% ના દરે થાય છે. જ્યારે બન્નેનો સંયુક્ત વૃધ્ધિ 0.04% દરે થયેલ જોવા મળે છે. જ્યારે રાજ્ય મુજબ જોઈએ તો સ્નાતક કક્ષાએ વર્ષ 2020-21 દરમ્યાન ઉચ્ચ GER ધરાવતા રાજ્યમાં તમિલનાડુ છે. જ્યારે ઓછો GER ધરાવતા રાજ્યમાં બિહાર છે.

**ચાવીરૂપ શબ્દો :-** ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા, કુલ નોંધણી દર(GER), નવી શિક્ષણ નીતિ(NEP2020), સ્નાતક કક્ષા.

### પ્રસ્તાવના:-

ઉચ્ચ શિક્ષણ એ શિક્ષણની એક પધ્ધતિ છે, જે વિવિધ પ્રકારની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પદવી પ્રદાન કરે છે. જે સામાન્ય રીતે યુનિવર્સિટીઓ, કોલેજો અને સેમિનારો જેવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલું છે. ઉચ્ચ શિક્ષણ તે એક વ્યાપક શબ્દ છે જે શૈક્ષણિક અને વ્યવસાયિક જેવા અભ્યાસક્રમોની વિશાળ શ્રેણીનું વર્ણન કરે છે. મોટાભાગની કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આમાંથી કોઈ એક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે છે જેમાં, સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાનો સમાવેશ થાય છે જ્યારે, કેટલીક કોલેજો વિશિષ્ટ અભ્યાસક્રમોની પદવી પ્રદાન કરે છે, જેમ કે તબીબી અથવા કાયદા, સતત શિક્ષણ વર્ગો અથવા પ્રમાણપત્રના અભ્યાસક્રમો વગેરે.. જયારે કેટલીક કોલેજો બંને અભ્યાસક્રમ પ્રદાન કરે છે. કોલેજો અને યુનિવર્સિટીઓ જે અભ્યાસક્રમો પ્રદાન કરે છે તેમાં ભિન્નતા હોય છે ઉદાહરણ તરીકે, કેટલીક યુનિવર્સિટી વધુ વિશિષ્ટ અભ્યાસક્રમો પ્રદાન કરે છે, જયારે કેટલીક યુનિવર્સિટી વધુ વ્યાપક અભ્યાસક્રમો પ્રદાન કરે છે. (IShiksha,2022).

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

## *ઉચ્ચ શિક્ષણનો અર્થ:-*

'ઉચ્ચ શિક્ષણ' શબ્દને વ્યાખ્યાયિત કરતી વખતે, વ્યાખ્યાને ભૌગોલિક સ્થાન સાથે જોડવી મહત્વપૂર્ણ છે. કારણકે વિશ્વના કેટલાક દેશોમાં શાળામાં ફરજીયાત હાજરી પશ્ચિમી દેશોની તુલનામાં ઘણી નાની ઉમરે સમાપ્ત થાય છે. જયારે કેટલાક દેશો ઉચ્ચ શાળાને પશ્ચિમી દેશોના સમકક્ષ શાળાને સ્વૈચ્છિક ગણે છે. જે મોટાભાગના લોકો માટે ઉપલબ્ધ નથી. આમ, ઉચ્ચ શિક્ષણની વ્યાખ્યા જુદા જુદા દેશોના કાયદા અને સંસ્કૃતિના આધારે બદલાઈ શકે છે. (learn, n.d)

યુનાઇટેડસ્ટેટમાં, "ઉચ્ચ શિક્ષણને ઉચ્ચ શાળા સ્તરની બહાર સ્વૈચ્છિક અભ્યાસ તરીકે ગણવામાં આવેછે." કે જ્યાં 'ઉચ્ચ શિક્ષણ' એ પોસ્ટસેકન્ડરી શિક્ષણનો સંદર્ભ આપે છે, જે કોલેજો, યુનિવર્સિટીઓ, સામુદાયિક કોલેજો અને વ્યવસાયિક-તકનીકી શાળાઓ જેવી સંસ્થાઓમાં આપવામાં આવે છે.(learn, n.d)

"ઉચ્ચ શિક્ષણ એટલે કોલેજો અથવા યુનિવર્સિટીમાં શિક્ષણ જ્યાં વિષયોનો ખુબ વિગતવાર અને અધતન સ્તરે અભ્યાસ કરવામાં આવે છે."

-કેમ્બ્રિજ ડિકશનરી.( Cambridge Academic Content Dictionary, n.d)

"ઉચ્ચ શિક્ષણ માધ્યમિક શિક્ષણ પછીના શિક્ષાનો તબ્બકો."

-ગુજરાતી વિશ્વકોશ

બરાક ઓબામા જણાવે છે કે, "મારા માટે વિશ્વની સૌથી મહત્વની વસ્તુ એ મારી સ્નાતક પદવી મેળવવી હતી", જ્યારે નેલ્સન મંડેલા માને છે કે "ઉચ્ચ શિક્ષણ એ સૌથી શક્તિશાળી શસ્ત્ર છે જેનો ઉપયોગ તમે વિશ્વને બદલવા કરી શકો છો."(IShiksha, 2022).

આમ, ઉચ્ચ શિક્ષણમાં સામાન્ય રીતે કોલેજોનો સમાવેશ કરવામાં આવે છે, જે વિદ્યાર્થીઓને વર્ગો લેવા અને નવી કુશળતા શીખવાની તક આપે છે.અન્ય પ્રકારના ઉચ્ચ શિક્ષણમાં સ્નાતક કક્ષા, એપ્રેન્ટીસશીપ કાર્યક્રમો અને વ્યવસાયિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે. (IShiksha,2022).

## નવી શિક્ષણ નીતિ (NEP 2020) ના ઉદેશ્યો:-

**1.** નવો અભ્યાસક્રમ દાખલ કરવો અને શિક્ષણનું માળખું (5+3+3+4) નું કરવું.

2. કળા, વિજ્ઞાન, સહઅભ્યાસક પ્રવૃતિઓ, વ્યાવસાયિક અને શૈક્ષણિક પ્રવાહો વચ્ચે કોઈ સખત વિભાજન ન રાખવું.

3. સમાન અને સમાવિષ્ટ શિક્ષણ-સામાજિક અને આર્થિક રીતે વંચિત જૂથો(SEDGs) પર વિશેષ ભાર.

4. વંચિત પ્રદેશો અને જૂથો માટે અલગ GIF અને SEZ ની સ્થાપન કરવી .

5. શાળા અને ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં વ્યાવસાયિક શિક્ષણનો સંપર્ક વધારવો .

6. ઉચ્ચ શિક્ષણમાં GER ને 50%સુધી વધારવો.

1.1 બહુવિધ પ્રવેશ / વિકલ્પો સાથે સર્વગ્રાહી અને બહુવિધ શિક્ષણ.

1.2 NTA અને HEI માં પ્રવેશ માટે સામાન્ય પ્રવેશ પરીક્ષા.

1.3. એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટની સ્થાપના કરવી. (ABC)

7. MERUs ની સ્થાપના કરવી

8. NRF ની સ્થાપના કરવી.

9. GER વધારવા માટે અનૌપચારિક શિક્ષણમાં વધારો કરવો.

10. શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ કરવું.

11. વ્યાવસાયિક શિક્ષણ એ ઉચ્ચ શિક્ષણ પ્રણાલીનો અભિન્ન ભાગ છે. સ્ટેન્ડ-અલોન ટેકનિકલ યુનિવર્સિટીઓ, કાનૂની અને કૃષિ યુનિવર્સિટીઓ અથવા અન્ય ક્ષેત્રની સંસ્થાઓ, બહુ શિસ્ત સંસ્થાઓ બનવાનું લક્ષ્ય રાખશે.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

12. એક સ્વાયત સંસ્થાની તરીકે (NETF) રચના કરી જે શિક્ષણ, મૂલ્યાંકન, આયોજન, વહીવટને વધારવા માટે ટેકનોલોજીના ઉપયોગ પર વિચારોના આદાન-પ્રદાન માટે પ્લેટફોર્મ પૂરું પાડ છે તેમજ શિક્ષણના તમામ સ્તરોમાં ટેકનોલોજીનું યોગ્ય એકીકરણ કરશે.

13. ચેક અને બેલેન્સ સાથેની બહુવિધ પદ્ધતિઓ ઉચ્ચ શિક્ષણના વ્યાપારીકરણનો સામનો કરશે અને અટકાવશે.

14. ગુણવત્તાયુક્ત શિક્ષણ પર એકંદર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સંકલન સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય સલાહકાર બોર્ડ ઓફ એડ્યુકેશનને મજબૂત બનાવવું. (MHRD,2020)

## ભારતમાં ઉચ્ચ શિક્ષણની સ્થિતિ:-

વિશ્વમાં ઉચ્ચ શિક્ષણમાં ભારત મહત્વનું સ્થાન ધરાવે છે. ભારત વિશ્વની સૌથી મોટી ઉચ્ચ શિક્ષણ પ્રણાલી ધરાવે છે, કે જેમાં 18-24 વર્ષની વયજૂથ ધરાવતા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જે શિક્ષણ ક્ષેત્રમાં એક મોટી તક રજૂ કરે છે.

ભારતમાં શાળાએ જતા 250 કરોડથી વધુ વિદ્યાર્થીઓ છે, જે અન્ય કોઈ પણ દેશ કરતાં વધારે છે. ભારતમાં વર્ષ 2019-20 માં ઉચ્ચ શિક્ષણમાં 38.5 કરોડ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. જેમાં 19.6 કરોડ પુરૂષ અને 18.9 કરોડ મહિલા વિદ્યાર્થીઓ હતા. આ આકડાઓ ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં રહેલી જાતિગત અસમાન્યતાને નિર્દેશિત કરે છે.

યુનેસ્કોના 'સ્ટેટ ઓફ ધ એજ્યુકેશન રિપોર્ટ ફોર ઇન્ડિયા 2021' મુજબ, સિનિયર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર (PTR) 47:1 હતો, જે સમગ્ર શાળા પ્રણાલીનો 26:1 હતો.

25 નવેમ્બર, 2022 સુધીમાં, ભારતમાં યુનિવર્સિટીઓની સંખ્યા 1,072 હતી. 2022-23માં, ભારતમાં કુલ 8,902 AICTE માન્ય સંસ્થાઓ છે. ત્યાં 3,577 અંડરગ્રેજ્યુએટ, 4,786 અનુસ્નાતક અને 3,957 ડિપ્લોમા સંસ્થાઓ છે.(Education Sector in India Industry Report, 2022).

જ્યારે કોઈ સંશોધક સંશોધન હાથ ધરે છે ત્યારે તેને સંશોધનમાં ઉપયોગ કરવામાં આવેલ સંશોધન પધ્ધતિ, માહિતી એકત્રીકરણની પધ્ધતિ, સંશોધનના હેતુઓ, સંશોધનની મર્યાદા, એકત્રિત માહિતીના સંદર્ભો, સંશોધનની વિષયની પસંદગી, સંશોધનનો અર્થ નક્કી કરવો પડે છે. સંશોધન શબ્દનો અર્થ સમજાવો જેટલો સહેલો છે એટલુંજ અઘરું તેની વ્યાખ્યા કરવી છે. આપણે અહિયાં પ્રસ્તુત હાથ ધરવામાં આવેલ અભ્યાસ માં કઈ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેની મર્યાદા, વિષય પસંદગી, માહિતીએકત્રીકરણ પધ્ધતિ, તેના હેતુઓની આગળ ચર્ચા કરીશું.

## સાહિત્ય સમીક્ષા

ઘોસિયા પી (2023) શિક્ષણનું અર્થશાસ્ત્ર: ભારતમાં 2035 સુધી GER 50% સુધી લઈ જવો. ભારત એ 5-24 વયજૂથની વિશ્વમાં સૌથી વધારે 580 મીલીયન વસ્તી ધરાવે છે. નેના એસ (2023) :નવી શિક્ષણ નીતિ 2020 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે મુખ્ય પડકારો અને તકો. ટંક ડી (2022) ભારતીય શિક્ષણ પ્રણાલી અને NEP 2020 માં પરીક્ષાની ભૂમિકા. જોષી કે (2016) ઉચ્ચ શિક્ષણ પર દ્રષ્ટિકોણ. સર્માહ એ (2013) ઉચ્ચ શિક્ષણની પહોંચમાં અસમાનતા.

http://vidyajournal.org

## સંશોધનનો અર્થ અને વ્યાખ્યા :-

"સંશોધન" શબ્દનો ઉદભવ જૂના ફ્રેન્ચ શબ્દ "રેકેર્ચિયર" પરથી થયો છે, એટલે કે શોધ અને ફરીથી શોધો. તે શાબ્દિક રીતે કંઈક માટે શોધનું પુનરાવર્તન સૂચવે છે અને ગર્ભિત રીતે ધારે છે કે અગાઉની શોધ સંપૂર્ણ ન હતી અને તે અર્થમાં અપૂર્ણ હતી કે જેના માટે હજી પણ અવકાશ છે. જ્યારે મૌલી સંશોધનની વ્યાખ્યા આપતા જણાવે છે કે, "સંશોધન એ ડેટાનો આયોજિત અને વ્યવસ્થિત સંગ્રહ, વિશ્લેષણ અને અર્થઘટન દ્વારા સમસ્યાઓના વિશ્વસનીય સમાધાન પર પહોંચવાની પ્રક્રિયા છે." જ્યારે વોલ્ટ્ઝ અને બાઉસેલ(1981)ના મતઅનુસાર "સંશોધનએ

એક વ્યવસ્થિત, ઔપચારિક, કઠોર અને ચોક્કસ પ્રક્રિયા છે જેનો ઉપયોગ સમસ્યાઓના ઉકેલ મેળવવા અથવા નવી હકીકતો અને સબંધોને શોધવા અને તેનું અર્થઘટન કરવા માટે કરવામાં આવે છે". એટલે કે સંશોધન એ કોઈ નિચ્છિત સમસ્યાના નિરાકરણ માટે હાથ ધરવામાં આવે છે તેમ તેનો સામાન્ય અર્થ કરી શકાય છે.

## સંશોધન પધ્ધતિ અને માહિતી એકત્રીકરણ:-

પ્રસ્તુત અભ્યાસએ વર્ણનાત્મક છે અને તે ગૌણ માહિતી પર આધારિત છે. જેના સ્રોતો આ મુજબ છે. કેરઇન્ડિયા, learn.Org, કેમ્બ્રિજ એકડમિક કન્ટેન્ટ ડિક્શનરી, આઈશિક્ષા,વાર્ષિક વહીવટી અહેવાલ, ઉચ્ચ શિક્ષણ મંત્રાલય, યુનેસકો, વલ્ડ સ્કૉલર હબ, ઓકશફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, બુક્સ, એજ્યુકેસન સેક્ટર ઇન ઈન્ડિયા ઇન્ડસ્ટ્રી રિપોર્ટ, રીસર્ચ ગેટ આર્ટીકલ અને એઆઇએસએચઈ રિપોર્ટ વગેરે માંથી માહિતી એકત્રિત કરવામાં આવી છે.

## માહિતીનું વર્ગીકરણ અને કોષ્ટકીકરણ:-

સંશોધન અભ્યાસ માટે એકત્રિત કરેલ માહિતી વિશાળ સ્વરૂપમાં હોય છે. જેથી તેને ટૂંકા સ્વરૂપમાં રજૂ કરવા માટે માહિતીનું વર્ગીકરણ અને કોષ્ટકની રચનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## વર્ગીકરણ:-

સંશોધન અભ્યાસમાં એકત્રિત કરેલ જુદી જુદી માહિતીને તેના ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરવામાં આવે છે. જેથી એકત્રિત માહિતીમાં આંકડાકીય માહિતીનો સરળતાથી ઉપયોગ કરી શકાય.

## કોષ્ટક રચના:-

સંશોધન અભ્યાસમાં પ્રાપ્ત કરેલ આંકડાકીય માહિતી સરળ સ્વરૂપ આપવા માટે તેને કોષ્ટક રચનામાં મૂકવામાં આવે છે. આ ઉપરાંત વાચકો આંકડાકીય માહિતીને સ્પષ્ટ પણે વાંચી અને સમજી શકે, તે માટે કોષ્ટક રચનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## સંશોધનના હેતુઓ:-

1. છેલ્લા દાયકા દરમ્યાન સ્નાતક કક્ષાએ પસંદિત રાજ્યોમાં થયેલ નોંધણીમાં જાતિગત અસમાનતા તપાસવી.

## સંશોધનનું મહત્વ:-

પરિવર્તનએ સંસાર નો નિયમ છે. જ્યારે સંસારમાં આવા પરિવર્તનો આવે છે, ત્યારે કેટકેટલીક સમસ્યાઓ પણ લાવે છે. આ સમસ્યાના નિરાકરણ માટે કોઈ ને કોઈ પ્રકારની શોધ-ખોળ કરવામાં આવે છે, અને તે શોધ-ખોળ દ્વારા સમસ્યાનું નિરાકરણ આવે છે અથવા સમસ્યાને ઓછી કરવાના કેટલાક ઉપાયો મળે છે. જે સમસ્યા અનુભવનારને મદદ કરે છે. આમ પ્રસ્તુત અભ્યાસ પણ સમસ્યાના નિરાકરણથી ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ પર અભ્યાસ કરનાર કે લઘુ સંશોધકોને માહિતી પૂરી પાડવામાં મદદ કરશે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણની સ્થિતિ જાણવા, ઉચ્ચ શિક્ષણમાં જાતિગત અસમાન્તાની સ્થિતિ જાણવા, મુખ્ય વિષય પ્રમાણે રાજ્યો રાજ્યો વચ્ચે ઉચ્ચ શિક્ષણમાં નોંધણી દર જાણવા કે ઉચ્ચ શિક્ષણમાં જાતિગત અસમાનતા જાણવા વગેરે જેવા કેટલાક મહત્વના પાસ જાણવા માટે પ્રસ્તુત અભ્યાસ ઉપયોગી બની શકે છે. જે તેનું મહત્વ પણ કહી શકાય.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

## સંશોધનની મર્યાદા:-

પ્રસ્તુત અભ્યાસમાં ઉપર્યુક્ત મહત્વ હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ પણ રહેલી છે જે નીચે મુજબ વર્ણવી શકાય છે.

1 પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે જેથી ગૌણ માહિતીની મર્યાદા તે અભ્યાસ ની પણ મર્યાદા બને છે.

2 પ્રસ્તુત અભ્યાસમ કેટલાક પસંદિત રાજ્યો પર હાથ ધરવામાં આવેલ છે.

3 અભ્યાસમાં માત્ર છેલ્લા એક દાયકાની જ માહિતી લેવામાં આવેલ છે.

## માહિતીનું વિશ્લેષણ

પ્રસ્તુત અભ્યાસની માહિતી કેટલાક ગૌણ સ્ત્રોતોને આધારે લેવામાં આવી છે. જેમાં સરકારી રિપોર્ટ, સરકારી કે ખાનગી વેબસાઇટ, બ્લોગ, આર્ટીકલ વગેરે માંથી મેળવવામાં આવી છે. જેમાં માહિતી વર્ષ 2011-2021 સુધીની મેળવવામાં આવી છે, જેને કોષ્ટકના ઉપયોગથી વ્યવસ્થિત ગોઠવણી કરીને નીચે રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક માં ઉચ્ચ શિક્ષણમાં વર્ષ 2011-12 થી 2015-16 દરમ્યાન કુલ નોંધણી દર(GER)…**

GROSS ENROLMENT RATIO IN HIGHER EDUCATION (18-23 YEARS)

| Sl. No. | States | 2011-2012 | | | 2012-2013 | | | 2013-2014 | | | 2014-2015 | | | 2015-2016 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total |
| 1 | Andhra Pradesh | 33.3 | 26.4 | 29.9 | 31.0 | 23.6 | 27.3 | 35.0 | 26.7 | 30.8 | 35.2 | 27.3 | 31.2 | 34.7 | 26.9 | 30.8 |
| 2 | Assam | 14.6 | 14.8 | 14.7 | 14.0 | 13.7 | 13.8 | 16.5 | 15.2 | 15.8 | 15.4 | 14.3 | 14.8 | 16.2 | 14.7 | 15.4 |
| 3 | Bihar | 14.0 | 10.8 | 12.5 | 14.4 | 11.6 | 13.1 | 14.3 | 11.5 | 13.0 | 15.2 | 12.4 | 13.9 | 15.8 | 12.6 | 14.3 |
| 4 | Chhatisgarh | 11.0 | 10.1 | 10.5 | 13.2 | 11.7 | 12.4 | 14.9 | 13.1 | 14.0 | 15.3 | 14.0 | 14.6 | 15.7 | 14.6 | 15.1 |
| 5 | Gujarat | 18.1 | 14.7 | 16.5 | 20.2 | 16.2 | 18.3 | 21.5 | 17.2 | 19.5 | 22.2 | 17.5 | 20.0 | 22.9 | 18.3 | 20.7 |
| 6 | Himachal Pradesh | 24.6 | 25.1 | 24.8 | 25.3 | 26.3 | 25.8 | 29.8 | 28.8 | 29.3 | 29.2 | 33.3 | 31.2 | 29.6 | 35.5 | 32.5 |
| 7 | Jammu and Kashmir | 21.8 | 24.0 | 22.8 | 24.2 | 27.1 | 25.6 | 24.5 | 26.7 | 25.6 | 24.1 | 25.5 | 24.8 | 23.5 | 26.2 | 24.8 |
| 8 | Jharkhand | 10.2 | 9.5 | 9.9 | 12.2 | 12.0 | 12.1 | 13.8 | 12.5 | 13.1 | 16.0 | 14.8 | 15.4 | 16.2 | 14.8 | 15.5 |
| 9 | Karnataka | 24.9 | 22.7 | 23.8 | 26.1 | 24.5 | 25.4 | 26.7 | 25.6 | 26.2 | 26.7 | 26.0 | 26.4 | 26.3 | 25.9 | 26.1 |
| 10 | Kerala | 17.8 | 25.6 | 21.8 | 18.5 | 25.8 | 22.1 | 21.1 | 28.7 | 24.9 | 24.1 | 33.3 | 28.7 | 26.6 | 35.0 | 30.8 |
| 11 | Madhya Pradesh | 22.0 | 14.6 | 18.5 | 22.7 | 15.2 | 19.2 | 21.6 | 17.3 | 19.6 | 21.6 | 17.3 | 19.6 | 21.1 | 17.9 | 19.6 |
| 12 | Maharashtra | 28.1 | 24.3 | 26.3 | 25.0 | 20.6 | 22.9 | 28.3 | 23.9 | 26.3 | 30.0 | 25.6 | 27.9 | 31.9 | 27.6 | 29.9 |
| 13 | Odisha | 18.3 | 15.0 | 16.6 | 18.6 | 14.1 | 16.3 | 18.0 | 14.8 | 16.4 | 19.6 | 15.9 | 17.7 | 21.5 | 17.8 | 19.6 |
| 14 | Punjab | 22.4 | 23.6 | 23.0 | 22.5 | 25.6 | 23.9 | 23.6 | 27.4 | 25.4 | 26.0 | 28.4 | 27.1 | 25.8 | 28.5 | 27.0 |
| 15 | Rajasthan | 20.6 | 15.5 | 18.2 | 21.4 | 14.8 | 18.3 | 21.5 | 17.8 | 19.7 | 21.9 | 17.9 | 20.0 | 21.8 | 18.5 | 20.2 |
| 16 | Tamil Nadu | 43.2 | 36.8 | 40.0 | 45.4 | 38.7 | 42.0 | 45.6 | 40.4 | 43.0 | 47.0 | 43.4 | 45.2 | 46.3 | 42.4 | 44.3 |
| 17 | Uttar Pradesh | 17.5 | 17.2 | 17.4 | 18.8 | 20.4 | 19.5 | 20.4 | 23.0 | 21.6 | 24.5 | 25.5 | 25.0 | 24.2 | 24.9 | 24.5 |
| 18 | West Bengal | 15.4 | 11.8 | 13.6 | 17.1 | 13.2 | 15.1 | 18.2 | 14.4 | 16.3 | 19.1 | 15.8 | 17.4 | 19.1 | 16.2 | 17.7 |
| | All India | **22.1** | **19.4** | **20.8** | **22.7** | **20.1** | **21.5** | **23.9** | **22.0** | **23.0** | **25.3** | **23.2** | **24.3** | **25.4** | **23.5** | **24.5** |

**(સંદર્ભ:-AISHE Report 2011-12 to 2015-16)**

ઉપર્યુક્ત કોષ્ટકમાં માં છેલ્લા દાયકા દરમ્યાન ઉચ્ચ શિક્ષણનો GER આપેલ છે. જેમાં વર્ષ 2011-12 થી 2015-16 માં સૌથી વધારે GER ધરાવતા રાજ્યમાં તમિલનાડુ છે. જે કુલ GER ઉપરાંત પુરુષો અને મહિલાઓના GERમાં પણ પ્રથમ છે. જ્યારે આ વર્ષો દરમ્યાન સૌથી ઓછો કુલ GER ધરાવતા રાજ્યોમાં ફેરફાર થતો જોવા મળે છે. જેમાં વર્ષ 2011-12 દરમ્યાન ઝારખંડ માં GER સૌથી ઓછો જોવા મળ્યો હતો. જ્યારે વર્ષ 2012-13 દરમ્યાન ઝારખંડ માં પુરુષો અને કુલ GER સૌથી ઓછો નોંધાયો હતો, જ્યારે આ વર્ષ દરમ્યાન મહિલોમાં ઓછો GER ધરાવતું રાજ્ય બિહાર હતું. વર્ષ 2013-14 દરમ્યાન ઝારખંડ એ પુરુષોના GER ઓછું ધરાવતું હતું, જ્યારે મહિલાઓ અને કુલ GERમાં બિહાર રાજ્ય હતું. વર્ષ 2014-15 માં બિહાર રાજ્યએ ત્રણેયમાં ઓછો GER ધરાવતું રાજ્ય બન્યું.જ્યારે વર્ષ 2015-16માં બિહારમાં મહિલાઓ

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

અને કુલ GERનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું, જ્યારે આ વર્ષ દરમ્યાન પુરુષોમાં ઓછો GER ધરાવતું રાજ્ય છત્તીસગઢ હતું.

**કોષ્ટક માં , ઉચ્ચ શિક્ષણમાં વર્ષ 2016-17 થી 2020-21 દરમ્યાન કુલ નોંધણી દર(GER)...**

GROSS ENROLMENT RATIO IN HIGHER EDUCATION (18-23 YEARS)

| Sl. No. | States | 2016-2017 | | | 2017-2018 | | | 2018-2019 | | | 2019-2020 | | | 2020-2021 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total | Male | Female | Total |
| 1 | Andhra Pradesh | 36.5 | 28.4 | 32.4 | 34.7 | 27.1 | 30.9 | 35.8 | 29 | 32.4 | 38.3 | 32.2 | 35.2 | 38.3 | 36 | 37.2 |
| 2 | Assam | 17.9 | 16.6 | 17.2 | 18.6 | 17.8 | 18.2 | 19.1 | 18.3 | 18.7 | 17.4 | 17.2 | 17.3 | 16.8 | 18.4 | 17.5 |
| 3 | Bihar | 16 | 12.8 | 14.4 | 14.5 | 11.5 | 13 | 15.1 | 12 | 13.6 | 15.8 | 13.1 | 14.5 | 16.6 | 15.1 | 15.9 |
| 4 | Chhatisgarh | 16.4 | 15.8 | 16.1 | 18.5 | 18.3 | 18.4 | 18.1 | 19.2 | 18.6 | 17.4 | 19.6 | 18.5 | 18 | 21.3 | 19.6 |
| 5 | Gujarat | 22.9 | 17.3 | 20.2 | 21.9 | 18.2 | 20.1 | 22 | 18.7 | 20.4 | 22.9 | 19.6 | 21.3 | 23.6 | 20.6 | 22.2 |
| 6 | Himachal Pradesh | 33 | 40.7 | 36.7 | 34 | 42.2 | 37.9 | 34.7 | 44.9 | 39.6 | 35.7 | 46.4 | 40.8 | 33.5 | 44.7 | 38.7 |
| 7 | Jammu and Kashmir | 23.6 | 27.7 | 25.6 | 26.4 | 29 | 27.7 | 29.6 | 32.2 | 30.9 | 31.7 | 33.2 | 32.4 | 23 | 27.2 | 25 |
| 8 | Jharkhand | 18.4 | 17 | 17.7 | 18.4 | 17.6 | 18 | 19.5 | 18.7 | 19.1 | 21 | 20.9 | 20.9 | 16.5 | 17.5 | 17 |
| 9 | Karnataka | 26.4 | 26.6 | 26.5 | 27.2 | 28.5 | 27.8 | 28.2 | 29.4 | 28.8 | 31.2 | 32.7 | 32 | 34.8 | 37.2 | 36 |
| 10 | Kerala | 28.3 | 40.1 | 34.2 | 32 | 40.4 | 36.2 | 30.8 | 43.2 | 37 | 32.9 | 44.7 | 38.8 | 34.5 | 52.3 | 43.2 |
| 11 | Madhya Pradesh | 20.9 | 19 | 20 | 21.8 | 20.5 | 21.2 | 21.8 | 21.2 | 21.5 | 24.2 | 24.2 | 24.2 | 27.3 | 26.8 | 27.1 |
| 12 | Maharashtra | 32 | 28.2 | 30.2 | 32.6 | 29.5 | 31.1 | 33.5 | 30.3 | 32 | 33.5 | 31 | 32.3 | 36.2 | 33.5 | 34.9 |
| 13 | Odisha | 23 | 18.9 | 21 | 23.8 | 20.1 | 22 | 24.2 | 20 | 22.1 | 23 | 20.3 | 21.7 | 21.3 | 20.1 | 20.7 |
| 14 | Punjab | 27 | 30.6 | 28.6 | 27.6 | 33.6 | 30.3 | 25.5 | 34.3 | 29.5 | 25.1 | 32.1 | 28.2 | 23.9 | 29.1 | 26.3 |
| 15 | Rajasthan | 21.6 | 19.3 | 20.5 | 22.7 | 20.6 | 21.7 | 23.1 | 23 | 23 | 24.3 | 23.9 | 24.1 | 26.1 | 26 | 26.1 |
| 16 | Tamil Nadu | 48.2 | 45.6 | 46.9 | 49.1 | 48.2 | 48.6 | 49.8 | 48.3 | 49 | 51.8 | 51 | 51.4 | 45.4 | 48.6 | 46.9 |
| 17 | Uttar Pradesh | 24.6 | 25.3 | 24.9 | 25.2 | 26.7 | 25.9 | 24.2 | 27.5 | 25.8 | 23.7 | 26.9 | 25.3 | 22.3 | 24.3 | 23.2 |
| 18 | West Bengal | 19.8 | 17.2 | 18.5 | 19.9 | 17.6 | 18.7 | 20 | 18.7 | 19.3 | 20.3 | 19.6 | 19.9 | 20.3 | 22.3 | 21.3 |
| | All India | 26.0 | 24.5 | 25.2 | 26.3 | 25.4 | 25.8 | 26.3 | 26.4 | 26.3 | 26.9 | 27.3 | 27.1 | 26.7 | 27.9 | 27.3 |

**(સંદર્ભ:-AISHE Report 2016-17 to 2020-21)**

જ્યારે વર્ષ 2016-17 થી 2019-20 દરમ્યાન સૌથી ઉચ્ચ કુલ GER ધરાવતા રાજ્યમાં તમિલનાડુ છે. વર્ષ 2021-22 દરમ્યાન પુરુષોમાં અને કુલ GERમાં તમિલનાડુ ઉચ્ચ GER ધરાવે છે. જ્યારે આ વર્ષ દરમ્યાન મહિલામાં ઉચ્ચ GER ધરાવતા રાજ્યમાં કેરળ છે. વર્ષ 2016-17 થી 2019-20 દરમ્યાન સૌથી ઓછો GER ધરાવતું રાજ્ય બિહાર છે. વર્ષ 2021-22 દરમ્યાન પુરુષોમાં ઝારખંડ રાજ્યમાં ઓછો GER જોવા મળ્યો હતો, જ્યારે મહિલા અને કુલ GER બિહારમાં ઓછો જોવા મળ્યો હતો.

## સંશોધન અભ્યાસના તારણો અને સૂચનો

પ્રસ્તુત સંશોધન અભ્યાસ ભારતમાં ઉચ્ચ શિક્ષણમાં વિવિધ વિદ્યાશાખા અનુસાર સ્નાતક કક્ષાએ કુલ નોંધણી દર અંગેનો એક દાયકા નો અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ સંશોધન અભ્યાસ દરમ્યાન ઘણી મર્યાદાઓનો સામનો કરવો પડ્યો છે. તે દરેક મર્યાદાનો સ્વીકાર સાથે પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસના તારણો અને સૂચનો રજૂ કરવામાં અવ્યા છે જે નીચે મુજબ છે.

http://vidyajournal.org

## તારણો

1. સ્નાતક કક્ષાએ નિયમિત અભ્યાસમાટે નોંધણી થતાં વિદ્યાર્થીઓમાં વર્ષ 2020-21 દરમ્યાન પુરુષોનો હિસ્સો 50.54% જ્યારે મહિલાઓનો હિસ્સો 49.46% જોવા મળ્યો છે.

2 છેલ્લા દસકા દરમ્યાન સ્નાતક કક્ષાએ નિયમિત અભ્યાસમાટે નોંધણી થતાં વિદ્યાર્થીઓમાં પુરુષોનો વૃધ્ધિ દર 0.03% રહ્યો છે જ્યારે મહિલાઓમાં વૃદ્ધિ 0.04%ના દરે થય છે. જ્યારે બન્નેનો સંયુક્ત વૃધ્ધિ 0.04% દરે થયેલી જોવા મળે છે.

3 મહિલા નોંધણીમાં સૌથી વધારે વૃધ્ધિ કરનાર રાજ્ય છત્તીસગઢ, ઝારખંડ અને મધ્યપ્રદેશ જ્યારે પુરુષ નોંધણીમાં સૌથી વધારે વૃધ્ધિ કરનાર રાજ્ય ઝારખંડ છે.

4 મહિલા અને પુરુષોમાં સૌથી ઓછી નોંધણી વૃધ્ધિ કરનાર રાજ્ય આંધ્રપ્રદેશ છે.

5 સ્નાતક કક્ષાએ વર્ષ 2020-21 દરમ્યાન ઉચ્ચ GER ધરાવતા રાજ્યમાં તમિલનાડુ છે. જ્યારે ઓછો GER ધરાવતા રાજ્યમાં બિહાર છે.

6 વર્ષ 2020-21 દરમ્યાન રાજસ્થાનમાં ઉચ્ચ શિક્ષણમાં નોંધણી થતાં વિદ્યાર્થીઓમાં મહિલા અને પુરુષોનું પ્રમાણ સમાન છે.

7 હિમાચલપ્રદેશ અને કેરળમાં છેલ્લા દાયકા દરમ્યાન ઉચ્ચ શિક્ષણ નોંધણીમાં પુરુષોની સરખામણીએ મહિલાઓનું પ્રમાણ વધારે રહ્યું છે.

8 આંધ્રપ્રદશ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઓડીસામાં ઉચ્ચ શિક્ષણમાં નોંધણી થતાં વિદ્યાર્થીઓમાં મહિલાઓની સરખામણીએ પુરુષોનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે.

## સૂચનો

1 ભારતે GER ને બદલે EER નો ઉપયોગ કરવો જોઈએ. સંશોધન પેપર મુજબ જો ભારત વિદ્યાર્થીઓની નોંધણીના માંપણ માટે EER નો ઉપયોગ કરશે તો ઉચ્ચ શિક્ષણમાં તેનો પ્રવેશ દર વધીને વિકસિત દેશોની સમકક્ષ લાવી શકશે.

2 ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આંતરમળખાકીય સવલતો વધારવી જોઈએ.

3 ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વ્યવસાયલક્ષી વિષયો દાખલ કરવા જોઈએ.

4 આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગો માટે પ્રોત્સાહનો દાખલ કરવા જોઈએ.

5 રૂઢિચુસ્ત માન્યતાઓમાંથી સમાજને બહાર લાવવા માટેના પ્રયાશો કરવા જોઈએ.

6 ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનારાઓ માટે રોજગારીની પૂરતી તકો વિકસાવવી જોઈએ.

7 ઉચ્ચ શિક્ષણ પ્રત્યે સમાજમાં જાગરૂકતા લાવવા માટેના પ્રયાસો કરવા.

## સંદર્ભ સૂચિ

1 ધાંચી, ડી., રાજગોર, એસ. (n.d.) *ઉચ્ચ શિક્ષણ.* ગુજરાતી વિશ્વકોષ. https://gujarativishwakosh.org/%E0%AA%89%E0%AA%9A%E0%AB%8D%E0%AA%9A-%E0%AA%B6%E0%AA%BF%E0%AA%95%E0%AB%8D%E0%AA%B7%E0%AA%A3/

2 Careindia.org. (n.d.). *Gender Inequality In The Indian Society.* https://www.careindia.org/blog/gender-in-inequality/

3 Christine, F., Joshi, M., & Paivandi, S. (Eds.). (2021). *INTERNATIONAL PRESPECTIVES ON GENDER AND HIGHER EDUCATION*(1st ed.). Emerald.

*4* Dictionary.cambridge.org. (n.d.). *Higher Education. https://dictionary.cambridge.or.g/dictionary/english/higher-education*

5 Learn.org. (n.d.). *What Is Higher Education?.* https://learn.org/articles/What_is_Higher_Education.html

6 LISBDNETWORK. (2022). *Meaning, purpose & objectives of Higher Education.* https://www.lisedunetwork.com/higher-education/

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

7 Ministry of Education Government of India. (2020). *Higher Education Overview*. Department of Higher Education. https://www.education.gov.in/overview#:~:text=Objective%20To%20expand%20the%20Higher%20Education%20sector%20in,by%202016-17%20and%2030%25%20by%20the%20year%202020.

8 MHRD. (2020).*National Education Policy 2020,* Ministry of Education. https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/NEP_Final_English_0.pdf

http://vidyajournal.org